ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૨.૦° સે. | ૨૮.૦° સે. |
| બારડોલી | ૪૨.૦° સે. | ૨૪.૦° સે. |
| ભરૂચ | ૪૩.૦° સે. | ૨૮.૦° સે. |
| વ્યારા | ૪૨.૦° સે. | ૨૪.૦° સે. |




# અંકલેશ્વર પંથકમાં ભૂગર્ભ જળ સુકાઈ જતાં પાણીનો પોકાર, 700 ફૂટે પણ પાણી નથી!

**જળસંકટ** લોકો માટે લાલબત્તી સમાન હવે નહીં સમજાશે તો આવનાર સમય વધુને વધુ કપરો સાબિત થશે



અંકલેશ્વર: ગ્રીષ્મ ઋતુએ એપ્રિલ મહિનાથી જ લોકોને આકરા તાપનો પરચો બતાવી દીધો છે. ગરમી વધવાની સાથે પાણી માટેનો પોકાર પણ સંભળાય રહ્યો છે. જળ એ જ જીવનની કહેવતને વિસરતા લોકો માટે જળસંકટ આવનાર સમયમાં વિકટ પરિસ્થિતિનું નિર્માણ કરી શકે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

અંકલેશ્વરના અનેક વિસ્તારોમાં ભૂગર્ભજળ સુકાઈ ગયા હોવાની ચર્ચાઓ ઉઠવા પામી છે અને નવા બોર મંથન થકી જમીનના પેટાળમાંથી પાણી કાઢવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે અને કાળઝાળ ગરમીમાં ઠંડક પૂરું પાડતું પાણી હવે જમીનના પેટાળમાં પણ ઘટી રહ્યું હોવાનું સામે આવી રહ્યું છે. અંકલેશ્વર ગ્રામ્ય, શહેર તેમજ જીઆઈડીસી સહિતના વિસ્તારોમાં ભૂગર્ભજળ માટે કરવામાં આવેલા અનેક બોર હાલમાં ફેઈલ થઈ ગયા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ અંદાજીત ૫૦૦ થી ૬૦૦ ફૂટ જમીનમાંથી સબમર્શિબલ પંપની મદદથી પાણી લોકોના ઘરમાં પહોંચતુ હતુ જોકે વર્તમાન પરિસ્થિતિ સાવ વિપરીત બની છે. હવે ભૂગર્ભ જળ વધુ ઊંડા ગયા છે. જાણવા મળ્યા મુજબ એક દાયકા અગાઉ જમીનમાં ૧૦૦ થી ૨૦૦ ફૂટ બોર કરવામાં આવતો હતો અને પાણી વધુ પ્રેસરથી મળતુ હતુ. જોકે હાલમાં જમીનમાં ૬૦૦ થી ૭૦૦ ફૂટ બોર કર્યા બાદ પણ પાણી મળવુ મુશ્કેલ થઈ રહ્યુ છે. અંકલેશ્વરના કેટલાક વિસ્તારોમાં બે કે ત્રણ વર્ષ અગાઉ જ કરેલા પાણીના બોર પણ હાલમાં અચાનક ફેઈલ થઈ ગયા છે. જે બાબત આવનારા વર્ષોમાં જળસંકટ માટેની ગંભીર ચેતવણી આપી રહી છે. જાણકારોના મત મુજબ વરસાદી પાણીનો યોગ્ય રીતે સંગ્રહ કરીને આખુ વર્ષ પાણીની સાચવણી માટે ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ જેથી જળસંકટ સામે રક્ષણ મળી શકે.

## અંકલેશ્વરના સુરવાડી ગામે ખેતરમાં ટીટોડીએ ચાર ઈંડા મુક્યાં

અંકલેશ્વર: અંકલેશ્વરના સુરવાડી ગામના એક ખેતરમાં ટીટોડીએ ચાર ઈંડા મુક્યા હતા. ખેડૂતો ટીટોડી પક્ષી જેટલા ઈંડા મૂકે તેટલા મહિના સુધી વરસાદ સારો જશે તેવી માન્યતા ધરાવે છે. સામાન્ય રીતે ગુજરાતમાં ટીટોડી નામનુ પક્ષી ક્યાં ઈંડા મુકે છે, કેટલા ઈંડા મુકે છે, કઈ જગ્યાએ ઈંડા મુકે છે તેના આધારે આગામી ચોમાસુ કેવુ રહેશે તેનું અનુમાન ખેડૂતો કરતા હોય છે. સુરવાડી ગામના એક ખેડૂતના ખેતરમાં ટીટોડીએ ચાર ઈંડા મુક્યા હતા. ટીટોડી ખેતર કે ખુલ્લા મેદાનમાં ઈંડા મુકે તે સંદર્ભે એવી લોકવાયકા છે કે આગામી ચોમાસુ સામાન્ય રહેશે. ટીટોડી ઉંચી જગ્યા પર ઈંડા મુકે એ ચોમાસું સારું જવાના એંધાણ ગણાય છે. ખુલ્લી જગ્યામાં ટીટોડીએ ચાર જેટલા ઈંડા મુકતા લોકો એવો અંદાજ લગાડે છે કે આ વર્ષે ચાર મહિના વરસાદ પડશે જોકે આ એક માન્યતા છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આવી લોકવાયકા અનુમાન સમાન બની રહે છે.

# ભરૂચની મનુબર ચોકડી પાસે રહેમત ટ્રેડર્સમાંથી નકલી તિરૂપતિ તેલ ઝડપાયું

**કંપનીએ** પોલીસને સાથે રાખી તપાસ કરતા 25 ડબ્બા તેલ, 198 સ્ટીકર અને પીળા કલરનાં 110 બૂચ મળી આવ્યાં



ભરૂચ: ભરૂચમાં મનુબર ચાર રસ્તા પર ઓર્ચિટ શોપિંગમાં આવેલી રેહમત ટ્રેડર્સમાં તિરૂપતિ બ્રાંડના નામે વેચાતા ડુપ્લીકેટ તેલના ૨૫ ડબ્બા પોલીસે જપ્ત કરી દુકાન સંચાલકની ધરપકડ કરી હતી. પોલીસ રેડ વખતે દુકાનમાંથી તિરૂપતિ કપાસિયા તેલના ડબ્બા પર લગાવવાના ૧૯૮ સ્ટીકરો તેમજ ડબ્બા પર લગાવતા પીળા કલરના ૧૧૦ બૂચ પણ મળી આવ્યા હતા.

અમદાવાદ એન.કે. પ્રોટીન્સ કંપનીનું તિરૂપતિ કપાસિયા તેલ બ્રાંડના નામે ભરૂચમાં ડુપ્લીકેટ તેલ વેચાતું હોવાની વિગતો મળી હતી. જેને લઈને કંપનીના અધિકારી ભૂષણ મહેન્દ્રભાઈ દાણીએ ભરૂચમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં ભરૂચ મનુબર ચોકડી પાસે આવેલા ઓર્ચિટ શોપિંગમાં રેહમત ટ્રેડર્સમાં પોલીસને સાથે રાખીને તપાસ હાથ ધરતા દુકાનમાંથી તિરૂપતિ કપાસિયા તેલના ૧૫ લીટરના ૨૫ ડબ્બા મળ્યા હતા. જે ડબ્બા ઓરિજનલ છે કે ડુપ્લીકેટ તેની ખરાઈ કરવામાં આવતા તમામ ડબ્બાઓ ડુપ્લીકેટ હોવાનું બહાર આવ્યું હતું. આ દુકાનમાં ડબ્બા પર લગાવાતા સ્ટીકરો અને બુચ પણ મળી આવ્યા હતા. કંપનીના અધિકારીએ ભરૂચ B ડિવિઝનમાં ફરિયાદ આપતા રેહમત ટ્રેડર્સના દુકાનદાર હુસેન મેમણ સામે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય એ છે કે ભરૂચ શહેરમાં ઠેર ઠેર દુકાનો પર ઘણી વખત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ ચેકિંગ કરે છે. તેમ છતાં ભરૂચમાં સ્વાસ્થ્ય માટે જોખમરૂપ ડુપ્લીકેટ તેમજ અખાદ્ય વસ્તુઓ વેચાણ કરવાનું નેટવર્ક ધમધમી રહ્યું છે ત્યારે આ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી ન થઇ હોય એમ લાગે છે. હાલમાં ડુપ્લીકેટ તેલનો જથ્થો કંપનીના અધિકારી દ્વારા ઝડપી પાડતા પોલીસ વિભાગે આખરે આ મામલાને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જણાવવું પડ્યું છે.

# કાપોદ્રા ગામમાં પરિવાર યુપી ગયો અને બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા, લાખોની ચોરી

**પરિવાર** યુપી હોવાથી ચોરીનો ચોક્કસ આંક બહાર આવ્યો નથી પરંતુ 10 તોલા કરતા વધુ સોનાની ચોરીની શક્યતા

અંકલેશ્વર: અંકલેશ્વરના કાપોદ્રા ગામની સહકાર પાર્ક સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી સોનાના ઘરેણાં અને રોકડા રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

અંકલેશ્વરમાં વેકેશન શરૂ થતા જ ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે કાપોદ્રા ગામની સહકાર પાર્ક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ સોસાયટીમાં રહેતા સોહેલ મનિહારના બંધ મકાનને નિશાન બનાવી મોટો હાથફેરો કર્યો હતો. મનિહાર પરિવાર વતન યુપી ગયા હોવાથી તેઓના બંધ મકાનને નિશાન બનાવ્યુ હતુ અને મકાનનાં દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી સોનાના ઘરેણાં અને રોકડા રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે મકાન માલિક વતન હોવાથી કેટલા મુદ્દામાલની ચોરી થઈ તે જાણી શકાયુ નથી. ચોરી અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો સ્થળ પર દોડી જઈ તપાસ હાથ ધરી હતી. એક અંદાજ મુજબ તસ્કરો દશથી બાર તોલા સોનુ તેમજ કેટલીક રોકડની ચોરી કરી પલાયન થઇ ગયા હતા.

પરિવાર વેકેશનમાં ઉત્તર પ્રદેશ પોતાના વતનમાં ગયો હતો. ત્યારે મકાનના દરવાજાનું તાળું તોડીને પ્રવેશેલા તસ્કરો ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસને આસપાસનાં લોકોએ જાણ કરતા ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. યુપી ગયેલા મકાન માલિકને ઘટના અંગે જાણ કરવામાં આવી છે. તેઓ અંકલેશ્વર પરત આવશે ત્યારે જ ચોરીની આ ઘટનામાં કેટલી મત્તાની ચોરી થઈ તેનો સાચો અંદાજ સામે આવશે. હાલ તો મકાનમાંથી આશરે 10થી 12 તોલા સોનાના દાગીનાની ચોરી થયાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જોકે હાલ વેકેશનનો માહોલ હોવાથી તસ્કરો સક્રિય થયા છે ત્યારે અંકલેશ્વર પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારી લોકોને સુરક્ષિત કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# ખેરવાડા દીપડા શિકાર પ્રકરણમાં આરોપી ફતેસીંગ વસાવાની તબિયત ફરી લથડી

**વનવિભાગના** અધિકારીઓએ માર માર્યો હોવાનો કોર્ટ સમક્ષ આરોપ મૂક્યો હતો

વ્યારા: સોનગઢના ખેરવાડાના જંગલમાંથી આશરે ૨૫ દિવસ પહેલા ડી-કમ્પોઝ હાલતમાં મળી આવેલા મૃત દીપડાનાં શિકાર પ્રકરણમાં વનવિભાગે ખેરવાડાના ૬ રહીશોને પકડી સોનગઢ કોર્ટમાં રજૂ કર્યા હતા, તે સમયે કોર્ટ સમક્ષ પકડાયેલા તમામ આરોપીઓને વનવિભાગના અધિકારીઓએ માર માર્યો હોવાની ફરિયાદ થઈ હતી. આ દરમિયાન ફતેસિંગ કાથુડિયા વસાવાની તબિયત લથડતા તેને સુરત નવીસિવિલમાં ખસેડાયો હતો. આશરે ત્રણેક દિવસની સારવાર બાદ તમામ આરોપીઓને ફરી તા.૧૮મી એપ્રિલે કોર્ટમાં રજૂ કરાતા આરોપીઓના વકીલે આ કેસમાં વનવિભાગની તપાસમાં રહેલી ખામીઓ બાબતે ધારદાર રજૂઆત કરી હતી. જેતે સમયે કોર્ટે તમામ આરોપીઓને જામીન પર મુક્ત કર્યા હતા.

જામીન પર મુક્ત થયાના અઠવાડિયા પછી ફતેસિંગ કાથુડીયા વસાવાની તબિયત ફરી બગડતાં તેને માંડવીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો છે. છેલ્લા ત્રણેક દિવસથી તે માંડવીની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વનવિભાગના અધિકારીઓનાં મારથી ફતેસિંગ વસાવાની છાતીમાં ગંભીર નુકસાન થયાનું તેના પરિવારજનો આરોપ લગાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે ફતેસિંગ વસાવાને પહેલા કોઈ બીમારી ન હતી. વનવિભાગનાં માર પછી તેની હાલત ગંભીર બની છે. આ મામલે ઉચ્ચ તપાસની માંગ પણ કરી છે.

વનવિભાગે દીપડાનાં શિકાર પ્રકરણમાં કોર્ટમાં રજૂ કરેલા આરોપીઓમાં માનસિંગ મગનભાઈ વસાવા (ઉં.વ.૪૨), ફતેસિંગ કાથુડીયા વસાવા (ઉં.વ.૬૦), ચંદુ સોનજીભાઈ વસાવા (ઉં.વ. ૪૫), માગતિયા રુપાભાઈ વસાવા (ઉં.વ.૬૦), બાલુ જમશીભાઈ વસાવા (ઉં.વ.૪૫), કુંવરજી ઝીણાભાઈ વસાવા (ઉં.વ. ૩૫), (તમામ રહે., ખેરવાડા, તા.સોનગઢ, જિ.તાપી)ને સોનગઢની રેફરલ હોસ્પિટલમાં મેડીકલ તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતાં. તમામનાં રિપોર્ટ પણ કરાયા હતા. રિમાન્ડ પુરા થતાં તમામ આરોપીઓને કોર્ટે જામીન પર મુક્ત કર્યા હતા. પણ જામીન મળ્યા બાદ છ આરોપીઓ પૈકીના એક ફતેસીંગ વસાવાની તબિયત ફરી બગડી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીઘરનું વિતરણ

બારડોલી: બારડોલીની પીપલ્સ ફોર પોલીસ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીઘરોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સંસ્થા દ્વારા પાંચ હજાર ચકલી ઘરો અને પાંચ હજાર પાણીના કુંડાનું વિતરણ થયું હતું. પક્ષીઓને આગઝરતી ગરમીમાં સરળતાથી પાણી અને આશ્રય મળી રહે તે માટે સંસ્થા દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

### સાંકરી મંદિરમાં હરિભક્તોએ મતદાન માટે શપથ લીધા

બારડોલી : બારડોલી તાલુકાના સાંકરી ખાતે આવેલા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં મંગળવારના રોજ પૂનમની સભામાં સંતોના માર્ગદર્શન હેઠળ ચાર હજારથી વધુ હરિભક્તોએ લોકસભાની ચૂંટણીમાં મતદાન કરીશું અને કરાવીશુંની શપથ લીધી હતી. આ સભા સવારે 9.30 થી બપોરે 12.00 વાગ્યા સુધી ચાલી હતી. સભાના અંતે મતદાન જાગૃતિ માટે શપથ લીધા હતા.

### ભરૂચમાં ૧૫ ગામ માછી-પટેલ સમાજ વિકાસ મંડળ દ્વારા સમૂહ લગ્ન યોજાયા

ભરૂચ: ભરૂચ જિલ્લામા આવેલા ૧૫ ગામ માછી-પટેલ સમાજ વિકાસ મંડળના નેજા હેઠળ બોરભાઠા બેટ (મકતમપુર) સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૨૧મા સમૂહ-લગ્નનુ આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજજનોની હાજરીમાં ૨૦ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નનોત્સવમાં સમાજની દીકરીઓને સોળે શણગારથી અલંકિત કરીને સમર્પણ, સમજણ અને સેવારૂપી સંસ્કારનું પ્રદાન કરી શ્વસુર ગૃહે વિદાય આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને સમાજના લોકોએ ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વાદ આપ્યા હતા.

### બારડોલીના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ભીમ કપ યોજાયો

બારડોલી : ભારત રત્ન ડો બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણીના ભાગ રૂપે બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ દ્વારા ભીમ કપ ૨૦૨૪- આંતર તાલુકા માહ્યાવંશી સમાજ ક્રિકેટ ટૂર્નામેન્ટ સીઝન-2નું આયોજન સરદાર પટેલ સ્ટેડિયમ તલાવડી બારડોલી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બારડોલી તાલુકાની 4 ટીમ, પલસાણા તાલુકાની 2 ટીમ અને મહુવા તાલુકાની 2 ટીમે ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટનું ઉદઘાટન બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ અને જ્યોતિ ઉત્કર્ષ સંસ્થાનના કારોબારી સભ્ય હિતેષભાઈ માહ્યાવંશીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ફાઈનલ મેચ રુહી ઈલેવન બારડોલી અને મિત & જીત ઈલેવન પલસાણા વચ્ચે રમાઈ હતી. જેમાં મિત & જીત ઈલેવન પલસાણા વિજેતા બની અને રુહી ઈલેવન બારડોલી ઉપવિજેતા બની હતી. ટુર્નામેન્ટમાં બેસ્ટ બેટ્સમેન મિતેશ માહ્યાવંશી (એલ.બી.ઈલેવન આફવા), બેસ્ટ બોલર વિશાલ ભામૈયા (રુહી ઈલેવન બારડોલી), બેસ્ટ ફિલ્ડર ચિરાગ એના (મિત & જીત ઈલેવન પલસાણા) અને મેન ઓફ ધ ટુર્નામેન્ટ વિશાલ ભામૈયા બન્યા હતા. બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળના મહામંત્રી કિશોરભાઈ પરમાર તથા પૂર્વ પ્રમુખ વનમાળીભાઈ પરમાર, જ્યોતિ ઉત્કર્ષ સંસ્થાન બારડોલીના ઉપપ્રમુખ નરેશભાઈ માહ્યાવંશીના હસ્તે ચેમ્પિયન અને રનર્સ અપ ટીમને ટ્રોફી અને રોકડ રકમ એનાયત કરવામાં આવી હતી. ટુર્નામેન્ટમાં કોમેન્ટેટર તરીકે અનિલભાઈ ભારતીએ સેવા બજાવી હતી. ટુર્નામેન્ટના આયોજક અલ્પેશ માહ્યાવંશી, મંથન રાઠોડ, મયુર રાઠોડ, અને તુષાર વણકર દ્વારા દાતા સાવન સુરતી, મિશાલ પટેલ, MS ટ્રોફી, રાજુભાઈ તુંડી, ગૌરવ પટેલનો આભાર માન્યો હતો.

### બારડોલીની બી.એ.બી.એસ.હાઈસ્કૂલમાં નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

બારડોલી : બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલ (બી.એ.બી.એસ. હાઇસ્કુલ)માં નિવૃત્તિ વિદાય શુભેચ્છા અને સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષિકા શિલ્પાબેન શાહ, પ્રાથમિક વિભાગ ગુજરાતી માધ્યમના જીજ્ઞાબેન શુક્લ માધ્યમિક વિભાગના શિક્ષક કેતનભાઇ અધ્વર્યુ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક વિરલભાઈ વ્યાસ તેમજ ગુજરાતી માધ્યમના સેવિકા દક્ષાબેન પટેલનો વય-મર્યાદાને કારણે નિવૃત્તિ વિદાય સમારંભ સરદાર વલ્લભ ભાઈ પટેલ એજ્યુકેશન સોસાયટી તાજપોરના પ્રમુખ બાબુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શાળાના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. પ્રમુખ હસમુખભાઈ પટેલ, માનદમંત્રી ડો. વ્યોમભાઈ પાઠક, વાઈસ-ચેરમેન દેવર્ષિભાઈ જોષી, માધ્યમિક વિભાગના આચાર્યા ચેતનાબેન દ્વારા પ્રસંગોચિત શુભેચ્છા પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં ખજાનચી પંકજભાઈ જોશી તથા અન્ય કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રીનાબેને કર્યું હતું અને આભારવિધિ આચાર્ય સુમનભાઈ મિસ્ત્રી કરી હતી.

### પીએચ.ડી થયા

બારડોલી : ગુજરાતી વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાંથી પટેલ ઉર્વિકા શૈલેષકુમારે ગુજરાતી વિષયમાં ચાર વાર્તાકારો : સમીક્ષાત્મક અધ્યયન (વાર્તાકાર અનિલ વ્યાસ, કિરીટ દૂધાત, હર્ષદ ત્રિવેદી અને બિપિન પટેલ સંદર્ભે) મહાશોધ નિબંધ આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. પન્નાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યા હતા. જેને યુનિવર્સિટીએ માન્યતા આપી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે.



# નિઝરના વેડાપાડા ગામે ઘરમાં આગ લાગતાં ઘરવખરી બળીને ખાખ

**સ્થાનિકોએ** આગ બૂઝાવવા ભારે પ્રયત્નો કર્યા, શોર્ટસર્કીટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ

વ્યારા: નિઝર તાલુકાના વેડાપાડા ગામે રહેતા ચંદ્રસિંગ વળવીના ઘરમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવને લઇ સ્થાનિકોએ પાણીનો મારો ચલાવ્યો હતો. આગ કાબૂમાં લેવામાં સ્થાનિકો નિષ્ફળ જતાં ઘરવખરી સહિતની તમામ સામગ્રી બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. જોકે પ્રાથમિક તબક્કે આ આગ શોર્ટ સર્કિટનાં કારણે લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# નર્મદાનાં નિકોલી ગામે પણ રૂપાલાનો વિરોધ, રાજપૂત સમાજ ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે

**ભાજપે** અમારી માંગણી સંતોષી નથી તો અમે ભાજપને કેમ સ્વીકારીએ?, નિકોલી ગામે રાજપૂત બેઠકમાં નારાજગી



ભરૂચ: ભાજપે રાજકોટમાંથી રૂપાલાની ટિકિટ રદ નહિ કરતા રાજપૂત સમાજમાં ભારે રોષ ફેલાયો છે. ભાજપમાં રહેલાં રાજપૂત આગેવાનો સમાજથી અળગા થઇ ગયાં છે. ત્યારે બીજી તરફ અન્ય આગેવાનો ગામે ગામ બેઠકો કરી રાજપૂત સમાજને ભાજપને મત નહિ આપવાની અપીલ કરી રહ્યાં છે. નર્મદા જિલ્લાના ગોપાલપૂરા ગામ બાદ નવાપરા (નિકોલી) ગામમાં પણ સમાજની બેઠક યોજવામાં આવી હતી. ગોપાલપુરા, નિકોલી તથા આસપાસના ગામોમાંથી રાજપૂત સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. રાજપૂત સમાજની મહિલાઓ વિષે ટિપ્પણી કરી વિવાદમાં આવેલા રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી છતાં પણ ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરી ન હતી. આ બેઠકમાં હાજર આગેવાનોએ જણાવ્યું હતું કે, ભાજપે અમારી માંગણી સ્વીકારી નથી ત્યારે અમે ભાજપને કેમ સ્વીકારીએ? અને ૭મી તારીખે થનારા મતદાનમાં ભાજપના વિરોધ કરવા હાકલ કરવામાં આવી હતી. એવો સૂર વ્યક્ત કર્યો હતો.

## કામરેજની રામકબીર શાળામાં પ્રાયમરી શિષ્યવૃત્તિ પરીક્ષા સંપન્ન

કામરેજ: કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી ભારતીય વિદ્યામંડળ સંચાલિત ધી કે.વી.કો.ઓ. માધ્યમિક શાળા (શ્રી રામકબીર હાઈસ્કૂલ) માં ધોરણ- ૬ નાં ૬૫૨ વિદ્યાર્થીઓ પૈકી ૫૪૯ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિની પરીક્ષા આપી હતી. દરેક પરીક્ષાર્થીઓનું કંકુ અને ચોખા વડે તિલક કરી ચોકલેટ વડે મોં મીઠું કરાવી, પુષ્પ આપી સંસ્થાના ખજાનચી પરેશભાઈ ભક્ત, જિજ્ઞેશભાઈ ભક્ત, શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, સરકારી પ્રતિનિધિ પંકજભાઈ અને દિપકભાઈ તેમજ શાળાના શિક્ષકમિત્રો દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો હતો.

પરીક્ષાના સુંદર આયોજન માટે પ્રમુખ અરવિંદભાઈ ભક્તે શાળા પરિવારને અભિનંદન પાઠવી પરીક્ષાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

## માંગરોળ ખાતે ઈવીએમ સીલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી



વાંકલ: આજરોજ મદદનીશ ચૂંટણી અધિકારી બારડોલી અને પ્રાંત અધિકારી માંડવી કૌશિક જાદવ તથા માંગરોળ મામલતદાર પાર્થ જયસ્વાલ તેમજ અન્ય કર્મચારીની ઉપસ્થિતિમાં ઈ.વી.એમ. સીલ કરવાની પ્રક્રિયા કરવામાં આવી હતી.

આ પ્રક્રિયા પહેલા ઉમેદવારોને જાણ કરવામાં આવી હતી તેઓની ઉપસ્થિતિમાં મશીન સીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આજે અને આવતીકાલે બે દિવસમાં કુલ 254 બુથ માટે કુલ 317 ઈ.વી.એમ. મશીન સીલ કરવાની કામગીરી કરાશે.

# ભરૂચના કોંગ્રેસ અગ્રણી સંદિપ માંગરોલા સહિત રાજપૂત યુવાનની અટકાયત મામલે એસપીને રાવ

**ચૂંટણીનો** માહોલ બગાડવાનો પોલીસને પ્રયાસ અને મોબાઈલની લૂંટની ફરિયાદ દાખલ કરવા માંગ

ભરૂચ: ભરૂચમાં પ્રદેશ કોંગ્રેસ અગ્રણી સંદિપ માંગરોલા સહિત અન્ય રાજપૂત યુવાનને પોલીસ દ્વારા ગેરકાયદે અટકાયત કરીને લૂંટ મામલે લેખિતમાં અરજી આપવામાં આવી હતી.

હાલમાં ભરૂચ જિલ્લામાં લોકસભા ચુંટણી લઈને નિરંતર અહેવાલો મળી રહ્યા છે. જેને લઈને રાજકીય પારો પણ ગરમ જોવા મળ્યો છે. જેમાં હાલમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી સંદિપ માંગરોલાએ ભરૂચ પોલીસ મથકના પીઆઈ ભરવાડ સહિત તેઓના સ્ટાફ સામે બબાલને લઈને ગંભીર આક્ષેપો કર્યા છે.

સંદિપ માંગરોલા દ્વારા ભરૂચના એસપીને લેખિતમાં એવી અરજી કરવામાં આવી હતી કે તેઓ તેમની સાથે સાથી મિત્ર સાથે આમોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ચૂંટણીનું કામ પતાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. એ વેળા ભોલાવ નજીક ટી સ્ટોલ પાસે C ડિવિઝનના પીઆઈ ભરવાડ સહિતના સ્ટાફે તેઓની કારને અટકાવી હતી. કારમાં બેઠેલા વિરપાલસિંહ અટોદરિયાને કોલર પકડી પીઆઈ સહિત સ્ટાફના માણસો બહાર કાઢી ધોલધપાટ કરીને અજ્ઞાત સ્થળે લઇ ગયા હતા. તેમજ મોબાઈલ ફોન પણ લઈ લીધો હોવાનો આક્ષેપ કર્યો હતો.

ઘટના રાત્રે બની હોવાથી ભરૂચ એસપી ઓફિસે લઇ ગયા હતા. તેઓને ગેરકાયદે અટકાયત કરી રાખવામાં આવ્યા હતા. જેને લઈને સંદિપ માંગરોલાએ લેખિતમાં એવી રજૂઆત કરી હતી કે આ મામલાને ચૂંટણીનો માહોલ બગાડવાનો પ્રયાસ તેમજ લૂંટની ફરિયાદ દાખલ કરવી જોઈએ.

## કોયલીમાંડવી પ્રાથમિક શાળાના બાળકોએ મતદાન જાગૃતિ રેલી યોજી



નેત્રંગ: આગામી લોકસભાની ચૂંટણી ને લઈને ચૂંટણી પંચ થકી વધુમા વધુ મતદાન થાય તે માટે અથાગ પ્રયત્નો કરવામા આવી રહ્યા છે. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામા આવી રહ્યા છે. ગામે ગામ જનજાગૃતિ અભિયાન થકી રેલીઓ યોજવામા આવી રહી છે. જેના ભાગ રૂપે ચાસવડ પંથકમા આવેલા કોયલીમાંડવી ગામના રહીશો ચૂંટણીના દિવસે વધુમા વધુ મતદાન કરે તે માટે કોયલીમાંડવી પ્રાથમિક શાળાના શિક્ષકો, બાળકોની વિવિધ બેનરો સાથેની રેલી ગામના વિવિધ વિસ્તારોમા ફરી હતી.

# કુકરમુંડાના વેલદા ટાંકી નજીક ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત

**બેફામ** દોડી રહેલા રેતીનાં ઓવરલોડેડ ડમ્પરો સામે નક્કર કામગીરી કરવા સ્થાનિકોની માંગ

વ્યારા: કુકરમુંડા તાલુકાના વેલદા ટાંકી નજીક ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારને ભારે નુકશાન થયું હતું.

ડમ્પર ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કુકરમુંડા વિસ્તારમાં વધુ ફેરા કરવાની લ્હાયમા રેતીનાં ડમ્પરો માટેલા સાંઢની માફક પોતાનું વાહન દોડાવી રહ્યા છે. રેતીનાં આ વાહનો ઓવરલોડ પણ દોડતાં હોય મોટાપાયે અકસ્માતો સર્જાય છે. જેમાં નિર્દોષ વાહન ચાલકો વગર કારણે અકસ્માતનો બોગ બની રહ્યાં છે.કુકરમુંડા અને નિઝર પંથકમાં રેતીના ડમ્પરો બેફામ બનતા રાહદારીઓ અને વાહન ચાલકો માથે અકસ્માતનો ભય સતત તોળાય રહ્યો છે. સ્થાનિકો દ્વારા આવા બેફામ બનેલા ડમ્પર ચાલકો વિરૂધ્ધ આરટીઓ અને પોલીસને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતા કોઈ પ્રકારની નક્કર કામગીરી કરવામાં આવતી નથી એવો આરોપ લોકો લગાવી રહ્યા છે. ભૂતકાળમાં પણ વધુ ફેરા મારવાની લ્હાયમાં બેફામ બનેલા ડમ્પર ચાલકો અકસ્માત નોંતરી ચૂક્યા છે. આવા સંજોગોમાં તંત્ર કોઈ જ કામગીરી નહીં કરે અને મોટો જીવલેણ અકસ્માત સર્જાય તે જવાબદાર કોણ એવો સવાલ પેદા થઈ રહ્યો છે. ભૂસ્તર વિભાગ કે આરટીઓ દ્વારા આવાં વાહનો સામે નક્કર કાર્યવાહી થાય તે જરૂરી છે. તંત્ર કોમગીરી નહીં કરે તો લોકો રસ્તા ઉપર ઉતરી શકે છે.

Milano
MULTIPLEX
બારડોલી
Ruslaan :- 10:00Am, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 10:00Pm.
Ghostbusters: Frozen Empire (Hindi):- 12:00Pm, 03:00Pm, 06:30Pm, 09:30Pm.
Bade Miyan Chote Miyan 02:00Pm, 09:00Pm.
Main Ladega :- 11:00Am, 06:00pm.
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333